અપીલ અરજી નં.૩૦૪ તા .૩૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામદાસભાઈ બી.ચૌધરી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસભાઈ બી.ચૌધરીની તા. ૧–૮–૧૧ની અરજીથી કોયલા ખાડીનાં અરજદારો પૈકી શ્રી લાલજી વી.મિશ્રા એચ.આઈ.નંબર–૧૦૧ થી અરજીમાં જણાવેલ ૧ થી ૯ અરજદારો તથા માછીવાડ ઝુંપડપટ્ટી આંજણા બે અરજદારો સહિત (૧)થી (૧૧) અરજદારોના એચ.આઈ.નંબર મુજબ તથા તમામ પુરાવા રજુ કરવા છતાં કયા કારણે તેઓને હજી સુધી " આવાસ ફાળવણી" કરવામાં આવી નથી અને આ અંગે જે બેઘર થયેલા પરિવારોને આપનાં તરફથી ન્યાય ન મળવાથી આ બેઘર પરિવારોને આવાસ ફાળવણી નહીં થતા તેનું સચોટ કારણ શું તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૪/૨૦૧૧–૧૨

શ્રી રામદાસભાઈ બી.ચૌધરીની તા. ૧–૮–૧૧ની અરજીથી કોયલા ખાડીનાં અરજદારશ્રી લાલજી વી.મિશ્રા એચ.આઈ.નંબર–૧૦૧ થી અરજીમાં જણાવેલ ૧ થી ૯ અરજદારો તથા માછીવાડ ઝુંપડપટ્ટી આંજણા બે અરજદારો સહિત (૧) થી (૧૧) અરજદારોના એચ.આઈ.નંબર મુજબ તથા તમામ પુરાવા રજુ કરવા છતાં કયા કારણે તેઓને હજી સુધી " આવાસ ફાળવણી" કરવામાં આવી નથી અને આ અંગે જે બેઘર થયેલા પરિવારોને આપનાં તરફથી ન્યાય ન મળવાથી આ બેઘર પરિવારોને આવાસ ફાળવણી નહીં થતા તેનું સચોટ કારણ શું તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા અરજદારની અરજીમાં નિર્દિષ્ટ એચ.આઈ. નંબર અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા આવાસ ડ્રો ફાળવણી રજીસ્ટરની દફતરી વિગત પણ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૦૪ તા.૧૦–૧૦–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને એચ.આઈ.નંબર ફાળવ્યાના આધાર તેમની કક્ષાએ હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારો (૧) ૧૦૧ લાલજી વી. મિશ્રા (૨) ૨૯૭ પાઠક મહેન્દ્રકુમાર કેસરી (૩) સંતોષ રામસીંગ તિવારી (૪) ૧૦૦ સંજય લાલજી મિશ્રા (૫) ૨૨૧ રામગોપાલ સુરજપ્રસાદ શુકલા (૬) રાજદત્ત ઉદયદત્તા તિવારી (૭) ૨૯૮ વર્મા સુરજભાઈ દિનદયાળ (૮) ૧૦૮ પાંડે રામકલબ કવાચ આશાદેવી (૯) ૩૩૭ પ્રતાપસિંગ શેર બહાદુર સિંગ તા.૧૬–૨–૦૯ ના રોજ થયેલ ડીમોલીશનમાં માછીવાડ ઝુંપડપટ્ટી આંજણા ખાતેના નીચે જણાવેલ પરિવારને એચ.આઈ. નંબર નીચે મુજબ (આશરે) આપવા છતાં આજ દિન સુધી આવાસ ફાળવણી થયેલ નથી તો કારણ જણાવવું. (૧૦) ૩૨૫–૩૨૬ દુર્ગાપ્રસાદ રામબિહારી (૧૧) ૩૧૪ પ્રકાશ છત્તુરામ યાદવને કયા કારણોસર આવાસની ફાળવણી થયેલ નથી તેવી માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતા અરજદાર તરફથી તા.૩૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૪ તા.૧૦–૧૦–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ બંને પક્ષકારો તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી  જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ ન હોઈ  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી માહિતી પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :    –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને  જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામદાસભાઈ બી.ચૌધરી,